# TECH BITES

## મેડિડાટાએ ક્લિનિકલ ટ્રાયલ્સ માટે AI પ્લેટફોર્મ લોન્ચ કર્યું




ફ્રાન્સની ડસોલ્ટ સિસ્ટમ્સની બ્રાન્ડ મેડિડાટાએ ક્લિનિકલ ટ્રાયલ્સને વધુ ઝડપી અને કાર્યક્ષમ બનાવવા માટે Medidata Plus નામનું AI આધારિત પ્લેટફોર્મ રજૂ કર્યું છે. આ પ્લેટફોર્મ સંશોધનની સમગ્ર પ્રક્રિયામાં અભ્યાસની ડિઝાઇન, ડેટા મેનેજમેન્ટ અને જોખમ મૂલ્યાંકનમાં AIનો ઉપયોગ કરશે. કંપનીના જણાવ્યા અનુસાર, નવી ટેક્નોલોજી દવા ઉત્પાદકો અને કોન્ટ્રાક્ટ રિસર્ચ સંસ્થાઓને વર્કફ્લો ઓટોમેટ કરવામાં, રિયલ-ટાઇમ ડેટા ઇનસાઇટ્સ મેળવવામાં અને ક્લિનિકલ ટ્રાયલ્સની કાર્યક્ષમતા વધારવામાં મદદરૂપ બનશે. આ પહેલથી નવી દવાઓના વિકાસની પ્રક્રિયા વધુ ઝડપી અને ચોકસાઈપૂર્ણ બનવાની અપેક્ષા છે.

## ફ્લિપકાર્ટ મિનિટ્સ પર હવે 20 મિનિટમાં મળશે ફેશન પ્રોડક્ટ્સ



ફોરકાસ સ્ટુડિયો લિમિટેડની ફ્લેગશિપ ફેશન બ્રાન્ડ એફટીએક્સ હવે ફ્લિપકાર્ટ મિનિટ્સ પર ઉપલબ્ધ બની છે, જેના કારણે ગ્રાહકો પસંદગીની ફેશન પ્રોડક્ટ્સ માત્ર 20 મિનિટમાં મેળવી શકશે. આ લોન્ચિંગ કંપનીની ઓમ્નિચેનલ ગ્રોથ વ્યૂહરચનાને વધુ મજબૂત બનાવે છે અને ભારતના ઝડપથી વિકસતા ક્વિક કોમર્સ ક્ષેત્રમાં તેની હાજરી વિસ્તારે છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શૈલેષ અગ્રવાલે જણાવ્યું કે ટેક્નોલોજી આધારિત ભાગીદારી દ્વારા ગ્રાહકોને વધુ ઝડપી, સરળ અને સુવિધાજનક શોપિંગ અનુભવ આપવાનો હેતુ છે. આ પહેલથી બ્રાન્ડની પહોંચ, ગ્રાહક સુલભતા અને લાંબા ગાળાના વિકાસને વધુ વેગ મળશે.

## LGના AI TV: 115 ઇંચ Mini LED સહિત 25 અલ્ટ્રા-લાર્જ મોડલ લોન્ચ



LG ઇલેક્ટ્રોનિક્સ ઇન્ડિયાએ 2026 માટેનું પ્રીમિયમ AI TV પોર્ટફોલિયો રજૂ કર્યું છે. તેમાં 292 સેમી (115 ઇંચ) QNED evo Mini LED ફ્લેગશિપ સહિત 25 અલ્ટ્રા-લાર્જ મોડલ્સનો સમાવેશ થાય છે. નવી શ્રેણીમાં OLED evo, Micro RGB evo, Mini RGB evo અને Nano 4K UHD TV પણ ઉપલબ્ધ છે. AI આધારિત પિક્ચર અને સાઉન્ડ, Dolby Vision-Atmos, 330Hz સુધીનું મોશન બૂસ્ટર, 165Hz VRR, webOS સાથે 5 વર્ષના અપડેટ્સ, Google Gemini, LG Shield સુરક્ષા અને Gaming Portal જેવી અદ્યતન સુવિધાઓ આપવામાં આવી છે. ભારતીય બજારમાં કિંમતો 19,990થી શરૂ થાય છે.

## ગૂગલે ભારતમાં Gemini Spark AI એજન્ટ્સની શરૂઆત કરી




ગૂગલે ભારતમાં Gemini Spark રજૂ કરીને AI એજન્ટ્સના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. Gemini 3.5 પર આધારિત આ નવી સેવા માત્ર પ્રશ્નોના જવાબ આપતી નથી, પરંતુ ઈમેલ ગોઠવવા, માહિતી વ્યવસ્થિત કરવા, શેડ્યૂલ તૈયાર કરવા અને ગૂગલ એપ્સમાં વપરાશકર્તા વતી વિવિધ કાર્યો પણ કરી શકે છે. ખાસ વાત એ છે કે વપરાશકર્તા ફોન લોક કરે અથવા લેપટોપ બંધ કરે પછી પણ AI એજન્ટ્સ પૃષ્ઠભૂમિમાં કામ ચાલુ રાખી શકે છે. ગૂગલના આ પગલાથી વ્યક્તિગત પ્રોડક્ટિવિટી અને ડિજિટલ સહાયક સેવાઓમાં નવો માપદંડ સ્થાપિત થવાની શક્યતા છે.

### એક ક્લિકની ભૂલ... અને આખી જિંદગીની કમાણી જોખમમાં!

# નકલી ઈમેઈલ, ફિશિંગ અને સાયબર ધમકીઓ સામે કેવી રીતે રહેશો સુરક્ષિત?



## દરેક ઈમેઈલ પર વિશ્વાસ ન કરો, પહેલાં ચકાસો પછી ક્લિક કરો

**મયુર ભુસાવળકર**
આઈટી એક્સપર્ટ

ડિજિટલ યુગમાં ઈમેઈલ આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે, પરંતુ તેની સાથે સાયબર ઠગાઈનું જોખમ પણ ઝડપથી વધી રહ્યું છે. ફિશિંગ, સેક્સટોર્શન, નકલી બેંક મેસેજ, લોટરી અને જોબ ઓફરની લાલચ આપતા ઈમેઈલ દ્વારા સાયબર અપરાધીઓ પાસવર્ડ, બેંકિંગ વિગતો અને વ્યક્તિગત માહિતી ચોરી લેવાનો પ્રયાસ કરે છે. આવા ઈમેઈલમાં સામાન્ય રીતે શંકાસ્પદ ઈમેઈલ એડ્રેસ, વ્યાકરણની ભૂલો, તાત્કાલિક કાર્યવાહીનું દબાણ, અજાણી લિંક્સ અને એટેચમેન્ટ્સ જોવા મળે છે. કોઈપણ લિંક પર ક્લિક કરતા પહેલાં તેનું URL તપાસવું અને અજાણી ફાઈલ ક્યારેય ડાઉનલોડ ન કરવી એ સૌથી મોટો બચાવ છે.

### સાયબર ગુનેગારોથી બચવા જાગૃતિ જ સૌથી મોટું સાયબર સુરક્ષા કવચ

સાયબર ગુનેગારો ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે, પરંતુ તેમની સામે સૌથી અસરકારક હથિયાર તમારી સતર્કતા છે. દરેક એકાઉન્ટ માટે મજબૂત પાસવર્ડ રાખો, Two-Factor Authentication (2FA) ચાલુ કરો, એન્ટીવાયરસ અપડેટ રાખો અને OTP, PIN કે પાસવર્ડ ક્યારેય શેર ન કરો. જો કોઈ ફ્રોડનો ભોગ બનો તો તરત બેંકનો સંપર્ક કરો, પુરાવા સાચવો, પાસવર્ડ બદલો અને 1930 હેલ્પલાઈન અથવા cybercrime.gov.in પર ફરિયાદ નોંધાવો. ધમકીભર્યા અથવા શંકાસ્પદ ઈમેઈલને Gmail અથવા Outlookમાં "Report Phishing" અથવા "Report Spam" દ્વારા પણ રિપોર્ટ કરી શકાય છે.

#### નકલી ઈમેઈલ ઓળખવાના 6 સંકેતો

- શંકાસ્પદ ઈમેઈલ એડ્રેસ
- વ્યાકરણ અને સ્પેલિંગની ભૂલો
- ઉતાવળ કે ડર ઉભો કરતો સંદેશ
- નકલી અથવા શંકાસ્પદ લિંક
- અજાણ્યા એટેચમેન્ટ્સ ( .exe, .zip વગેરે)
- "Dear Customer" જેવા સામાન્ય સંબોધન

#### ત્રણ સૌથી સામાન્ય ચાલ

**ફિશિંગ:** બેંક અથવા જાણીતી કંપનીના નામે નકલી ઈમેઈલ.

**લોટરી/ગિફ્ટ સ્કેમ:** કરોડો રૂપિયાની લોટરી જીત્યાનો દાવો.

**સેક્સટોર્શન:** ખાનગી વીડિયો જાહેર કરવાની ધમકી આપી પૈસા પડાવવા.

#### યાદ રાખવા જેવા 7 ગોલ્ડન રૂલ્સ

- OTP, PIN અને પાસવર્ડ ક્યારેય શેર ન કરો.
- અજાણી લિંક પર ક્લિક ન કરો.
- દરેક એકાઉન્ટમાં 2FA સક્રિય રાખો.
- અલગ-અલગ એકાઉન્ટ માટે અલગ પાસવર્ડ વાપરો.
- કોઈ પણ શંકાસ્પદ ઈમેઈલને તરત Report કરો.
- નાણાકીય વ્યવહાર તરત અટકાવો
- જાગરૂકતા, સંયમ અને સાયબર સુરક્ષાના મૂળભૂત નિયમોનું પાલન જ ડિજિટલ દુનિયામાં તમારી સૌથી મોટી સુરક્ષા છે.

### નકલી ઈમેઈલ કેવી રીતે ઓળખવા?

નકલી ઈમેઈલ મોકલવા પાછળ સાયબર અપરાધીઓનો મુખ્ય હેતુ તમારી અંગત માહિતી જેમ કે બેંક એકાઉન્ટ વિગત, પાસવર્ડ, ક્રેડિટ કાર્ડ નંબર, યુઝર આઈડી ચોરવાનો અથવા તમારા કમ્પ્યુટર તેમજ મોબાઈલમાં વાયરસ કે માલવેર ઘૂસાડવાનો હોય છે.

### ઈમેઈલ અને ડિજિટલ સુરક્ષા માટેના ઉપાયો



સાઈબર જોખમો અને નકલી ઈમેઈલથી સુરક્ષિત રહેવા માટે કેટલીક પાયાની સાવચેતીઓ રાખવી અત્યંત જરૂરી છે. સૌથી પહેલાં, તમારા દરેક ઈમેઈલ અને સોશિયલ મીડિયા એકાઉન્ટમાં Two-Factor Authentication (2FA) સક્રિય કરવું જોઈએ, આનાથી જો તમારો પાસવર્ડ લીક થઇ જાય, તો પણ અન્ય કોઈ વ્યક્તિ તમારું એકાઉન્ટ લોગઈન કરી શકશે નહીં.

### ઈમેઈલમાં ક્યારેય આ 5 માહિતી શેર ન કરો

કોઈપણ બેંક, સરકારી વિભાગ કે જાણીતી કંપની ઈમેઈલ દ્વારા તમારો OTP, ATM PIN, UPI PIN, ઈન્ટરનેટ બેંકિંગ પાસવર્ડ અથવા CVV નંબર માંગતી નથી. જો આવા પ્રકારની માંગ કરવામાં આવે તો તે ફિશિંગ અથવા સાયબર ફ્રોડ હોવાનું માની તરત જ તે ઈમેઈલ ડિલીટ અથવા રિપોર્ટ કરવો.

### AIના યુગમાં વધી રહ્યું છે ઈમેઈલ ફ્રોડનું જોખમ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના ઉપયોગથી હવે સાયબર ગુનેગારો વ્યાકરણની ભૂલો વગરના, અસલી જેવા દેખાતા અને વ્યક્તિગત માહિતી સાથેના ઈમેઈલ તૈયાર કરી રહ્યા છે. તેથી માત્ર ભાષા જોઈને વિશ્વાસ ન કરવો, પરંતુ મોકલનારનું ડોમેન, લિંક અને માહિતીની સત્યતા હંમેશાં ચકાસવી જરૂરી છે.

### પાસવર્ડ બનાવતી વખતે રાખો આ 4 નિયમો

મજબૂત પાસવર્ડમાં ઓછામાં ઓછા 12 અક્ષરો, મોટા અને નાના અંગ્રેજી અક્ષરો, અંકો તથા વિશેષ ચિહ્નો (@, », $, %)નો સમાવેશ હોવો જોઈએ. જન્મતારીખ, મોબાઈલ નંબર કે નામ જેવા સરળ પાસવર્ડ ક્યારેય ન રાખવા અને દરેક એકાઉન્ટ માટે અલગ પાસવર્ડ વાપરવો.

# 5G 'નેટવર્ક સ્લાઈસિંગ' બદલશે મોબાઈલ ઈન્ટરનેટનો અનુભવ?

### નેટવર્ક સ્લાઈસિંગ એટલે શું?

ભારતમાં 5G સેવાઓ શરૂ થયા પછી હવે ચર્ચાનું કેન્દ્ર માત્ર ઝડપી ઇન્ટરનેટ નથી, પરંતુ 'નેટવર્ક સ્લાઇસિંગ' બની ગયું છે. આ ટેક્નોલોજી એક જ 5G નેટવર્ક પર અલગ-અલગ જરૂરિયાત માટે અલગ વર્ચ્યુઅલ નેટવર્ક બનાવવાની સગવડ આપે છે. જોકે, આ સાથે નેટ ન્યુટ્રાલિટી અને પ્રીમિયમ ઇન્ટરનેટ સેવાઓ અંગે નવી ચર્ચા પણ શરૂ થઈ છે.

## ઝડપી સ્પીડથી આગળ વધી હવે 5Gમાં વ્યક્તિગત અને જરૂરિયાત આધારિત નેટવર્કની શરૂઆત, પરંતુ નેટ ન્યુટ્રાલિટી પર ફરી ચર્ચા




સરળ ભાષામાં સમજીએ તો, એક જ હાઇવે પર અલગ-અલગ વાહનો માટે અલગ લેન હોય તેવી કલ્પના કરો. 5G નેટવર્કમાં પણ એક જ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર અનેક વર્ચ્યુઅલ નેટવર્ક (Slices) બનાવી શકાય છે.એટલે કે સામાન્ય મોબાઇલ યુઝર, હોસ્પિટલ, સ્માર્ટ ફેક્ટરી, સ્વચાલિત વાહનો અથવા ઇમરજન્સી સેવાઓને તેમની જરૂરિયાત પ્રમાણે અલગ ગુણવત્તાની કનેક્ટિવિટી મળી શકે. તાજેતરમાં Airtel દ્વારા પસંદગીના પોસ્ટપેઇડ ગ્રાહકો માટે પ્રાયોરિટી નેટવર્ક અનુભવની જાહેરાત બાદ નેટવર્ક સ્લાઇસિંગ ફરી ચર્ચામાં આવ્યું. જોકે, કંપનીએ તેને અલગ ચાર્જવાળી સેવા તરીકે રજૂ કરી નથી.ચર્ચાનો મુદ્દો એ છે કે જો કેટલાક ગ્રાહકોને પ્રાથમિકતા આપવામાં આવે તો શું તે નેટ ન્યુટ્રાલિટીના સિદ્ધાંતને અસર કરશે? 5Gની આગામી ક્રાંતિ માત્ર વધુ ઝડપથી વીડિયો ડાઉનલોડ કરવાની નથી. નેટવર્ક સ્લાઇસિંગ એવી ટેક્નોલોજી છે, જે ભવિષ્યમાં દરેક ઉદ્યોગ, હોસ્પિટલ, શહેર અને ગ્રાહકને તેમની જરૂરિયાત મુજબનું નેટવર્ક આપી શકે છે. પરંતુ તેની સાથે ખુલ્લા અને સમાન ઇન્ટરનેટના સિદ્ધાંતો જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવું પણ એટલું જ જરૂરી રહેશે.

**5Gથી બદલાતા 5 ક્ષેત્ર ।** આરોગ્ય (Remote Surgery) Connected & Autonomous Vehicles સ્માર્ટ ફેક્ટરી સ્માર્ટ સિટી Gaming અને AR/VR

### ભારત માટે તેનો અર્થ શું?

ભારત સરકારે 2030 સુધી 5Gનો વ્યાપ વધારવાનો લક્ષ્ય રાખ્યો છે. આવી સ્થિતિમાં નેટવર્ક સ્લાઇસિંગનો ઉપયોગ માત્ર મોબાઇલ સુધી સીમિત નહીં રહે. તેનો ઉપયોગ થઈ શકે છેઃ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સમાં ટેલિમેડિસિનમાં ડ્રાઇવરલેસ વાહનોમાં ઇન્ડસ્ટ્રી 4.0 અને ઓટોમેશનમાં જાહેર સુરક્ષા અને ઇમરજન્સી સેવાઓમાં ઉપયોગ થાય છે.

### શું તમને ખબર છે?

ભારતે ઓક્ટોબર 2022માં 5G સેવાઓ શરૂ કરી હતી.સરકારનો હેતુ આગામી વર્ષોમાં 5Gનો વ્યાપ વધુ વિસ્તૃત કરવાનો છે.નેટવર્ક સ્લાઇસિંગ 5G Standalone આર્કિટેક્ચરની મુખ્ય સુવિધાઓમાંની એક માનવામાં આવે છે.

### નેટ ન્યુટ્રાલિટી શું કહે છે?

નેટ ન્યુટ્રાલિટીનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે ઇન્ટરનેટ પર તમામ પ્રકારના ડેટા સાથે સમાન વ્યવહાર થવો જોઈએ. કોઈ એપ, વેબસાઇટ અથવા સેવા સાથે ભેદભાવ ન રાખવો જોઈએ.જો પ્રીમિયમ ગ્રાહકોને સતત વધુ સારી કનેક્ટિવિટી મળે, તો કેટલાક નિષ્ણાતોના મતે લાંબા ગાળે બે સ્તરનું ઇન્ટરનેટ સર્જાઈ શકે છે. બીજી તરફ, ટેલિકોમ કંપનીઓનું કહેવું છે કે નેટવર્ક સ્લાઇસિંગ ખાસ સેવાઓ માટે છે.

**એક જ 5G નેટવર્ક પર અલગ-અલગ વર્ચ્યુઅલ 'લેન' બનાવી હોસ્પિટલથી લઈને સ્માર્ટ ફેક્ટરી અને સામાન્ય મોબાઈલ યુઝર સુધી દરેકને કનેક્ટિવિટીનો પ્રયાસ**


### નેટ ન્યુટ્રાલિટીનો અર્થ

- દરેક વેબસાઇટ અને એપને સમાન વ્યવહાર
- કોઈ ખાસ એપને વધારાની પ્રાથમિકતા નહીં
- ઇન્ટરનેટનો ખુલ્લો અને ભેદભાવ રહિત ઉપયોગ

આગામી સમયમાં સરકાર અને ટેલિકોમ નિયમનકારી સંસ્થાઓએ એ નક્કી કરવું પડશે કે નવી ટેક્નોલોજીને પ્રોત્સાહન આપતાં-આપતાં ખુલ્લા અને સમાન ઇન્ટરનેટના સિદ્ધાંતો પણ જળવાઈ રહે. ભારતે ઓક્ટોબર 2022માં 5G સેવાઓ શરૂ કરી હતી. સરકારનો હેતુ આગામી વર્ષોમાં 5Gનો વ્યાપ વધુ વિસ્તૃત કરવાનો છે.નેટવર્ક સ્લાઇસિંગ 5G Standalone આર્કિટેક્ચરની મુખ્ય સુવિધાઓમાંની એક માનવામાં આવે છે.

# સચેત એપ

## આપત્તિ પહેલાં જ વાગશે જીવન બચાવતી સાઈરન!




કુદરતી કે માનવસર્જિત આપત્તિમાં દરેક સેકન્ડ કિંમતી હોય છે. આવી સ્થિતિમાં ભારત સરકારની 'સચેત' (SACHET) એપ્લિકેશન નાગરિકોને વાસ્તવિક સમયની ચેતવણી અને માર્ગદર્શન આપીને જાનમાલનું નુકસાન ઘટાડવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. NDMA, ડિપાર્ટમેન્ટ ઑફ ટેલિકોમ્યુનિકેશન્સ અને C-DOTના સહયોગથી વિકસાવાયેલી આ એપ સેલ બ્રોડકાસ્ટ ટેક્નોલોજી દ્વારા ઈન્ટરનેટ વગર પણ મોબાઈલમાં સાઈરન સાથે એલર્ટ મોકલે છે.

### માત્ર એલર્ટ નહીં, સંપૂર્ણ ડિજિટલ સુરક્ષા માર્ગદર્શક

સચેત એપ વાવાઝોડું, પૂર, ધરતીકંપ, હીટવેવ, ભૂસ્ખલન, આગ અને કેમિકલ લીકેજ સહિત અનેક આપત્તિઓ અંગે લોકેશન આધારિત ચેતવણી આપે છે. સાથે જ 'શું કરવું' અને 'શું ન કરવું'ની માર્ગદર્શિકા, હવામાનની આગાહી, ઇમરજન્સી સેવાઓનો સીધો સંપર્ક અને એલર્ટને અન્ય લોકો સુધી પહોંચાડવાની સુવિધા પણ આપે છે. ગુજરાતી સહિત ૧૨થી વધુ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ આ એપ પ્રવાસીઓ માટે અન્ય સ્થળોને પણ સબ્સ્ક્રાઇબ કરવાની સુવિધા ધરાવે છે.

### ડાઉનલોડ કેવી રીતે કરશો?

- Google Play Store અથવા Apple App Store પર SACHET સર્ચ કરો.
- એપ ઇન્સ્ટોલ કરીને Location Permission આપો.
- Terms & Conditions સ્વીકારીને એપ સક્રિય કરો.
- હવે આપત્તિ સમયે સમયસર સત્તાવાર એલર્ટ તમારા ફોન સુધી પહોંચશે.
- આપત્તિ અટકાવી શકાતી નથી, પરંતુ સમયસર મળતી ચેતવણી અનેક જીવ બચાવી શકે છે.
- 'સચેત' એપ માત્ર મોબાઇલ એપ નથી, પરંતુ દરેક ભારતીય માટે એક ડિજિટલ સુરક્ષા કવચ છે.

# અલીબાબાના સૌથી મોટા AI મોડેલથી ટેક્નોલોજી જગતમાં નવી હરીફાઈ

## 2.4 ટ્રિલિયન પેરામીટર ધરાવતા Qwen3.8-Max સાથે અલીબાબાએ AI ક્ષેત્રમાં પોતાની સૌથી મોટી છલાંગ ભરી; ઓપન-વેઈટ મોડેલ પર વધતો ભાર

કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) ક્ષેત્રમાં વૈશ્વિક હરીફાઈ દિવસેને દિવસે વધુ તીવ્ર બની રહી છે. આ દોડમાં ચીનની ટેક્નોલોજી કંપની અલીબાબાએ પોતાનું અત્યાર સુધીનું સૌથી મોટું AI મોડેલ Qwen3.8-Max રજૂ કરીને અમેરિકાની અગ્રણી AI કંપનીઓને સીધો પડકાર આપ્યો છે. માત્ર ટેક્નોલોજી નહીં, પરંતુ ખર્ચ, ઉપલબ્ધતા અને ઓપન મોડેલ્સના ક્ષેત્રમાં પણ હવે નવી સ્પર્ધા શરૂ થઈ છે.એક સમય હતો જ્યારે AI ક્ષેત્રમાં અમેરિકા લગભગ એકહથ્થુ પ્રભુત્વ ધરાવતું હતું. OpenAI, Google, Anthropic અને Meta જેવી કંપનીઓ બજારમાં આગળ હતી. હવે ચીનની Alibaba, DeepSeek, Moonshot AI અને Baidu જેવી કંપનીઓ ઝડપથી આગળ વધી રહી છે.અલીબાબાના નવા Qwen3.8-Max મોડેલમાં આશરે 2.4 ટ્રિલિયન પેરામીટર્સ છે, જે તેને વિશ્વના સૌથી મોટા AI મોડેલ્સમાં સ્થાન અપાવે છે. કંપનીનો દાવો છે કે આ મોડેલ અનેક AI બેન્ચમાર્કમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે.

Qwen

**માત્ર શક્તિ નહીં, ખર્ચમાં પણ સ્પર્ધા ।** AI મોડેલ બનાવવો અને ચલાવવો અત્યંત ખર્ચાળ છે. તેથી હવે કંપનીઓ માત્ર સૌથી શક્તિશાળી મોડેલ નહીં, પરંતુ ઓછા ખર્ચે વધુ સારો પરફોર્મન્સ આપતા મોડેલ બનાવવા પર ભાર મૂકી રહી છે.

### ઓપન મોડેલ્સ કેમ મહત્વના બની રહ્યા છે?

તાજેતરમાં AI ક્ષેત્રમાં "Open Weight" મોડેલ્સની માંગ વધી છે. આવા મોડેલ્સ ડેવલપર્સને પોતાની જરૂરિયાત મુજબ ફેરફાર કરવાની વધુ છૂટ આપે છે.જ્યારે OpenAI અને Anthropic જેવા ઘણા મોડેલ્સ બંધ (Closed Source) સ્વરૂપમાં ઉપલબ્ધ છે, ત્યારે Alibaba અને DeepSeek વધુ ખુલ્લા અભિગમ સાથે આગળ વધી રહ્યા છે.

### ચિપ્સ વિના AI શક્ય નથી

AIની આ દોડમાં સેમિકન્ડક્ટર ચિપ્સ સૌથી મોટું હથિયાર છે. ચીને તાજેતરમાં ચિપ ડિઝાઇનને વધુ સુરક્ષા આપવા માટે નવા નિયમો જાહેર કર્યા છે. આ પગલાનો હેતુ સ્થાનિક ચિપ ટેક્નોલોજી અને બૌદ્ધિક સંપત્તિનું રક્ષણ કરવાનો છે.વિશ્લેષકોના મતે, આગામી વર્ષોમાં AI અને ચિપ ઉદ્યોગ એકબીજા સાથે વધુ ગાઢ રીતે જોડાયેલા રહેશે